હિંમતનગરમાં અખાદ્ય ગોળ જથ્થો ઝડપાયો

ટ્રેઈની આઈ.પી.એસ અધિકારીની ઓચિંતી મુલાકાત : વેપારીઓમાં ફફડાટ

સાબરકાંઠા જિલ્લાના વડા મથક હિમંતનગર ખાતે ગઈકાલના રોજ સમી સાજે હિમંતનગર શહેરની જુની જીલ્લા પંચાયત ભવનની નજીક આવેલી ૫ થી ૬ જેટલી પેઢીઓમાં ટ્રેઈની આઈપીએસ અધિકારી પ્રેમસુખ ડેલુએ ઓચિંતી તપાસ હાથ ધરી હતી. જેમાં ખુબ જ મોટી સંખ્યામાં અખાધ્ય ગોળનો જથ્થો ઝડપાયો હોવાની ચર્ચાથી સમગ્ર શહેરમાં અખાધ્ય ગોળનો વેપલો કરનારા વેપારીઓમાં ભય સાથે ફફડાટનો માહોલ ફેલાઈ ગયો છે. સરકારી તંત્ર દ્વારા અખાદ્ય ગોળ રૂ.૬,૦૬૪૮૦ નો ૨૦૩૬૦ કી.ગ્રા.અખાદ્ય ગોળનો જથ્થો સીઝ કરાયો છે જેમાં હિમંતનગર શહેરની ૧.ભગવતી ગોળ ભંડાર ૨. શોએબ ટ્રેડર્સ ૩. સોના કોર્પોરેશન ૪. નિલેશ ટ્રેડિંગ ૫. શેઠ કોર્પોરેશન ૬. નિજામ ટ્રેડિંગ પેઢીઓનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે અખાધ્ય ગોળનો ઉપયોગ દેશી દારૂ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે અને વેપારીઓ વર્ગ દ્વારા અખાધ્ય ગોળનુ બીલ ઉચ્ચક ધોરણે બિન હિસાબી થતું હોય છે જે કારણોસર પોલીસ વિભાગની ટીમે તાત્કાલિક ધોરણે જીએસટી વિભાગ, તોલમાપ વિભાગ અને ફુડ વિભાગને તાત્કાલિક ધોરણે તાબડતોબ સ્થળ ઉપર બોલાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત પોલીસ સુત્રો તરફથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર અખાધ્ય ગોળનો વેપલો કરનારા વેપારીઓના અખાધ્ય ગોળના જથ્થાબંધ જથ્થા અંતર્ગત અલગ અલગ એજન્સીઓ દ્વારા અહેવાલ તૈયાર થઈ રહ્યો છે અને પંચનામું વગેરે કાયદેસર કાર્યવાહી પુરી થતાં વેપારીઓ વિરુદ્ધ ગુનો દાખલ થવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે. સાબરકાંઠા જિલ્લાના હિમંતનગર સહિત જીલ્લા ભરમાં ઠેરઠેર શેરડીના રસના કોલાઓ , બનાવટી ભેળસેળ યુક્ત કેરીના રસ અને જયુસ ની હાટડીઓ ખુલ્લેઆમ ચાલી રહી છે અને શહેર ની આમ જનતા સાથે ભેળસેળ યુક્ત ઠંડા પીણાં ઓથી આરોગ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે હોવા ત્યારે નઘરોળ તંત્ર ઘૌર નિન્દરામા પોઢેલુ જોવા મળી રહયું છે ત્યારે અખાધ્ય ગોળની તપાસ ૫ થી ૬ દુકાનમાં તપાસ હાથ ધરી સરકારી તંત્ર સંતોષ માની રહયું છે.

પોલીસ તંત્ર દ્વારા તમામ પેઢીઓ ના માલિક ની ધરપકડ કરી જામીન ઉપર મુક્ત કરવામાં આવ્યા છે અને સરકારી તંત્ર ની તમામ એજન્સી ઓને કાયદેસર કાર્યવાહી હાથ ધરવા આદેશ આપવામાં આવ્યાં છે.ઉપરોક્ત તમામ પ્રકારની કાર્યવાહી સાબરકાંઠા જિલ્લાના પોલીસ વિભાગના વડા સૌરભસિંઘના નેતૃત્વ હેઠળ ડી.વાય.એસ.પી તથા એ ડિવિઝન પોલીસ પી.આઈ કે.બી.પટેલની ટીમનો સમાવેશ થાય છે.

ભિલોડામાં કિસાન કલ્યાણ મહોત્સવ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં મકાઈ સંશોધન કેન્દ્રમાં ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત કિસાન કલ્યાણ મહોત્સવ યોજાયો હતો.ખેડુતોને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ ખેડુતલક્ષી યોજનાઓથી વાકેફ કરાયા હતા.ખેડુતોને ખેતીલક્ષી વિવિધ પ્રકારની વિસ્તૃત માહિતી પ્રાસંગીક પ્રવચન દરમ્યાન અપાઈ હતી.કિસાન આઈ પોર્ટલ,ખેડુતોની સહાયલક્ષી યોજનાઓની માહિતી અને કૃષી વિજ્ઞાનીઓ ધ્વારા વિશેષ માર્ગદર્શન ખેડુતોને અપાયું હતું.વર્ષ-૨૦૨૨ સુધીમાં ખેડુતોની આવક કેવી રીતે બમણી કરવી તેના ઉપર ભાર મુંકાયો હતો.ખેડુતોને કાર્ય પધ્ધતી સમજાવી હતી.નફાકારક પશુપાલન વિશે પશુપાલકોને માર્ગદર્શન અપાયું હતું.ખેડુતો અને પશુપાલકોને મુંઝવતા પ્રશ્નો અંગે ચર્ચા અને નિરાકરણ કરાયું હતું.

ધી મોડાસા સહકારી જીનના હોદ્દેદારોની વરણી

મોડાસા શહેરમાં આવેલી ધી મોડાસા સહકારી જીન મીલના સદસ્યોની શનિવારે યોજાયેલી મિટિંગમાં હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં ચેરમેન તરીકે રમણભાઈ.આર. પટેલ, વાઈસ ચેરમેન તરીકે આનંદપુરા કંપાના રાજુભાઈ સી. પટેલ અને વાણિયાદના નટુભાઈ પટેલની વરણી કરવામાં આવતા દિલીપભાઈ પટેલ, અરુણભાઈ પટેલ, પંકજભાઈ પટેલ સહિતના સહકારીક્ષેત્રના જાણીતા અગ્રણીઓએ ફુલહાર પહેરાવી અભિનંદન પાઠવ્યા હતા.

સરકારી જીન ચાર રસ્તા પર થતા અકસ્માતો નિવારવા બસ સ્ટેન્ડને અન્યત્ર ખસેડવા માંગ

હિંમતનગર, તા. ૬

શામળાજી-હિંમતનગર રોડ પર આવેલ સહકારી જીન ચાર રસ્તાની આસપાસના વિસ્તારોનો વિકાસ ફુદકે ને ભુસકે થઈ રહ્યો છે. ત્યારે અહીંથી પસાર થતા વાહનો પણ વધુ અવર જવર કરે છે. પરંતુ ચાર રસ્તા પર થઈને એક તરફથી બીજી તરફ જવા માંગતા રાહદારીઓ ઘણી વખત વાહન અકસ્માતનો ભોગ બને છે. જેથી ચાર રસ્તા પર આવેલ બસ સ્ટેન્ડને કાંકણોલ તરફના રસ્તા પર ખસેડવાની માંગ ઉઠવા પામી છે.

આ અંગે હિંમતનગરના અનેક રહિશોએ એવો સુર વ્યક્ત કર્યો હતો કે હિંમતનગરમાંથી પસાર થતા નેશનલ હાઈવે ૮નું વિસ્તૃતિકરણ કરાયા બાદ અમદાવાદ અને રાજસ્થાન તરફ જતા વાહનોની સંખ્યામાં અનેક ગણો વધારો થઈ ગયો છે. તો બીજી તરફ હડિયોલ, શામળાજી તથા હિંમતનગરમાં પ્રવેશવા માટે વાહન ચાલકો અને રાહદારીઓને સહકારી જીન ચાર રસ્તા પર થઈને અચુક પસાર થવું પડે છે. પરંતુ અહિ એસ.ટી. નિગમ દ્વારા બનાવાયેલ બસસ્ટેન્ડ ચાર રસ્તા નજી જ હોવાને કારણે શામળાજી તરફ જતા વાહનોમાં બેસવા માટે મુસાફરોનો જમેલો રહે છે.

ભિલોડા લક્ષ્મીનારાયણ મંદીરમાં ૪૬મો પાટોત્સવ અને લઘુ વિષ્ણુંયાગ યોજાયો

ભિલોડા,તા.૬

ભિલોડા ગામના હાર્દસમા ચોકલી ચોક વિસ્તારમાં આવેલ લક્ષ્મીનારાયણ મંદીરમાં ૪૬મો પાટોત્સવ અને લઘુ વિષ્ણુંયાગ ભક્તિભાવ પુર્વક યોજાયો હતો. લક્ષ્મીનારાયણ મંદીર ટ્રસ્ટ, ટ્રસ્ટીઓ, ભાવિક ભક્તો અને સેવાભાવી ગ્રામજનોના જણાવ્યા મુજબ લક્ષ્મીનારાયણ મંદીરમાં ૪૬મો પાટોત્સવ અને લઘુ વિષ્ણુંયાગના ધાર્મિક કાર્યક્રમમાં ભાવિક ભક્તોએ દર્શન કરી અને મહાપ્રસાદીનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી. ૪૬મો પાટોત્સવ અને લઘુ વિષ્ણુંયાગના કાર્યક્રમ નિમિત્તે લક્ષ્મીનારાયણ ભગવાનનો વહેલી સવારે અભિષેક,લઘુ વિષ્ણુંયાગ, ધ્વજારોહણ, પુર્ણાહુતિ, મહાપ્રસાદી સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયો હતા.

બાળ સંરક્ષણ આયોગ ચેરમેન જાગૃતિબેન પંડ્યા મોડાસાની મુલાકાતે

અરવલ્લી જિલ્લામાં ચાલી રહેલ સુજલામ્ સુફલામ્ જળ અભિયાન અંતર્ગત, મોડાસા તાલુકા કેશરપુરા તળાવ ઉંડુ કરવા કામગીરી નિરીક્ષણ માટે પધારેલ બાળ સંરક્ષણ આયોગ ચેરમેન જાગૃતિબેન પંડયા સાથે મોડાસા મંડલ પ્રમુખ હસમુખભાઈ પટેલ, મહામંત્રી અંકીતભાઈ પટેલ, વસંતભાઈ પટેલ, જિલ્લા મંત્રી મિનાબેન પટેલ, કિસાન મોરચા પ્રમુખ પુરૂષોત્તમભાઈ પટેલ, ભીખુસિંહ પરમાર, મહિલા મોરચા પ્રમુખ જલ્પાબેન ભાવસાર આગેવાન કાર્યકર્તાઓ અને જીલ્લા વહિવટીતંત્રના અધિકારીઓની ઉપસ્થિતિમાં કેશરપુરા તળાવ ઉંડુ કરવાની કામગીરી શરૂ કરાવી કામનુ નીરિક્ષણ કરી ગ્રામજનો સાથે જળ સંચય બાબતે વિગતે ચર્ચા કરવામાં આવી હતી.

પંચાયત કો-ઓર્ડીનેશન કમીટીમાં કન્વીનરપદે રાજેન્દ્ર પારઘીની નિમણુંક

ભિલોડા,તા.૬

ગુજરાત રાજયની જીલ્લા પંચાયતો વધુ સુદ્રઢતાથી કામગીરી કરી શકે અને તેનો સીધો લાભ પ્રજાજનો સુધી પહોંચે તે જરૂરી છે.ચુંટાયેલી પાંખ અને સંગઠન વચ્ચે સંકલન જળવાય તેવા મુખ્ય હેતુસર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ અધ્યક્ષ,અમિત ચાવડા અને પુર્વ સાંસદ જગદીશ ઠાકોરના અધ્યક્ષ પદે એક પંચાયત કો-ઓર્ડીનેશન કમીટીની રચના કરવામાં આવી છે.

ગુજરાત પ્રદેશ પંચાયત પરીષદ પ્રમુખ અને અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર કાંતીલાલ પારઘીની પંચાયત કો-ઓર્ડીનેશન કમિટિ કન્વીનર પદે નિમણુંક કરાતાં અરવલ્લી જીલ્લા સહીત ભિલોડા તાલુકામાં આનંદની લાગણી પ્રસરી છે.

અંબાજીમાં પાણીનો કકળાટ : સ્થાનિકોમાં રોષ

લાખ્ખો રૂપીયાનાં ખર્ચે બનાયેલાં ઓવરહેડ ટાંકા વર્ષોથી પાણી વગર બેકાર થઇ પડ્યાં છે : ટાંકા બન્યાં બાદ આજે વર્ષો વીતી જવાં છતાં ટાંકીમાં પાણીનું ટીપુ પણ નંખાયુ

ગુજરાતનાં અંબાજી એક મોખરાનુ યાત્રાધામ હોવા છતા ભર ઉનાળે પાણીની વિકટ સમસ્યાંનો ભોગ બની રહ્યુ છે. અંબાજીનાં મોટા ભાગના વિસ્તારોમાં વર્ષોથી પાણીની સમસ્યા સતાવી રહી છે ને સ્થાનીક વહીવટી તંત્રની અણઆવડતના કારણે પણ પ્રજા પાણીનો પોકાર કરી રહી છે.

યાત્રાધામ અંબાજી શહેર ૨૦ હજારની વસ્તી ધરાવતુ શહેર છે. જ્યાં રોજીંદા હજજારો શ્રદ્ધાળુંઓ માતાજીના દર્શનાર્થે અંબાજી આવે છે. ને અંબાજીમાં સર્જાયેલી પાણીની સમસ્યાનો ભોગ સ્થાનીક લોકો બની રહ્યા છે આટલાંમાં ઓછુ હોય તેમ અંબાજીનાં મોટા ભાગનાં વિસ્તારોમાં બનાવાયેલાં હેંડપંપો પણ બિસમાર હાલતમાં પડેલાં જોવા મળે છે. જ્યારે કેટલાંક હેડપંપોમાં પાણીનાં તળ ઉંડા જવાથી પાણી આવતુ નથી. પરીણામે ગૃહીણીઓને પણ પાણી માટે ઠેક ઠેકાણે વલખાં મારવાં પડે છે અને જ્યારે ૩ થી ૪ દિવસે પાણી મળે છે ત્યારે પાણી માટે પડાપડી થતી હોય છે જ્યારે મહીલાઓને એક તરફ ઘરનું કામ ને બીજી તરફ પાણીની સમસ્યાને લઇ ભારે રોષ વ્યક્ત કરી રહી છે.

અંબાજી ગ્રામ પંચાયત દ્વારા અંબાજીમાં પાણી પુરુ પાડવાં માટે અનેક ઓવરહેડ ટાંકાને સંપ બનાવાયાં છે. પણ કોઇ પણ જાતના આયોજન વગર લાખ્ખો રૂપીયાનાં ખર્ચે બનાયેલાં આ ઓવરહેડ ટાંકા છેલ્લાં કેટલાંક વર્ષોથી પાણી વગર બેકાર થઇ પડ્યાં છે. ટાંકા બન્યાં બાદ આજે વર્ષો વીતી જવાં છતાં ટાંકીમાં પાણીનું ટીપુ પણ નખાયુ નથી. નથી બોર કરાયા અને પાઇપ લાઇનનું પણ કોઇ જ જોડાણ ન થવાથી ટાંકાઓ પણ આજે વિનાસનાં આરે ઉભા છે ને કેટલાંક ટાંકાઓ પાણી વગર તીરાડો પડી જવાં પામી છે ને જો હવે આ ટાંકાઓમાં પાણી ભરાય તો મોટી હોનારત સર્જાવાની પણ શક્યતાઓ સેવાઇ રહી છે. આમ સરકારી નાણાંનો દુરઉપયોગ થયો હોય તે આવાં બાંધકામો સ્પષ્ટ ચાડી ખાય છે ને છતાં પણ લોકોને તો આજે ભર ઉનાળે પાણી સમસ્યાનો ભોગ બનવું પડી રહ્યુ છે ને જો આવાં થયેલાં બોગસ બાંધકામોની યોગ્ય તપાસ થાય તો મોટો ભ્રષ્ટાચાર નિકળવાની પણ શક્યતાં સેવાઇ રહી છે.

જોકે આ તમામ મામલે અંબાજી ગ્રામ પંચાયતનાં સરપંચનો સંપર્ક કરતાં તેમને આ તમામ બાબતે ખુલાસો કરતાં જણાવ્યુ હતુ કે આ નકામા બનેલા ટાંકા ગત બોડીએ બનાવ્યા છે અને ટાંકા બન્યા બાદ સરકાર દ્વારા બોર ન બનાવતા ટાંકા નકામા બન્યા છે એટલુ જ નહી હજી કેટલાક જર્જરીત બનેલા ટાંકા એવા છે જેમા હવે પાણી ભરવામા આવે તો હોનારત સર્જાઈ શકે છે જે બાબતે પણ સરકારે વિચારવુ જોઈએ.

અંબાજીની ગ્રામ પંચાયત ગુજરાતમાં સૌથી મોટી ૨૯ વોર્ડની હતી ને હાલમાં નવા સિમાંકનમાં ૧૮ વોર્ડની પંચાયત માનવામાં આવે છે પણ પંચાયતનું વહીવટીતંત્ર અણ આવડતનાં કારણે ખાડે ગયુ હોય તેવું જોવા મળી રહ્યુ છે અંબાજીમાં આવા અનેક ટાંકાઓ છે જે વર્ષોથી પાણી વગર ઉભા ઉભાજ બેકાર બની ગયા, પંચાયત દ્વારા વેરા વસુલી કરવા છતા લોકોને પાણી નથી મળતુ તે એક દુઃખદ બાબત જ ગણી શકાય.